પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૪૬ | ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૨, સોમવાર; મહા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુક્રેન-રશિયા વાતચીત માટે સહમત

## મોડીસાંજે યુક્રેન-રશિયા વચ્ચે બેલારુસમાં શાંતિવાર્તા માટે સહમતી : બંને દેશોના પ્રતિનિધિમંડળો બેલારુસ જવા રવાના

મોસ્કો, તા. ૨૭

મોડીસાંજે યુક્રેન અને રશિયાએ બેલારુસમાં વાતચીત કરવા સહમતીના આપ્યાના અહેવાલે રાહતનો સંદેશ આપ્યો હતો.

જોકે, સતત ચોથા દિવસે બંને પક્ષે યુદ્ધ પુરજોશમાં લડાયું હતું. યુક્રેને પણ રશિયાના સૈન્યની ધારણ કરતા વધુ ખુવારી સર્જી હતી. અને ખારોકી શહેર પર રશિયાના કબ્જાને હટાવી રશિયન સૈન્યને ભગાડ્યાના અહેવાલો પણ પ્રાપ્ત થયા છે.

આજે મોડી સાંજે મધ્યસ્થીઓના પ્રયાસોને આધિન પહેલા રશિયા અને ત્યારબાદ યુક્રેને રશિયા-યુક્રેનની સહરદ પર આવેલ બેલારુસ ખાતે મંત્રણા માટે સહમતિ દર્શાવી હતી. આ સહમતિ સધાતા બંને દેશોના પ્રતિનિધિમંડળો બેલારુસ જવા રવાના થયા હતા.

જોકે પ્રાપ્ત વિગતો મુજબ રશિયાના રાષ્ટ્રપતિ તરફથી વાટાઘાટોથી વાતચીતના ઉકેલ સંદર્ભે યુક્રેનના રાષ્ટ્રપતિને જણાવવાની સાથે જ રશિયાના પ્રતિનિધિ મંડળને બેલારુસ રવાના કરી દીધું હતું. જ્યારે રશિયાના રાષ્ટ્રપતિએ પ્રથમ તો શરતી વાટાઘાટો સાથે શાંતિ સ્થાપવા સહમતિ દર્શાવી હતી. પરંતુ મોડીસાંજે અન્ય દેશોના વડાઓની મધ્યસ્થીથી રશિયાના રાષ્ટ્રપતિ પુતિન બિનશરતી વાટાઘાટો માટે તૈયાર હતા. જેના પરિણામે બંને દેશોના રાષ્ટ્રપતિ વચ્ચે સહમતિ સધાતા બંને દેશોના પ્રતિનિધિ મંડળ બેલારુસ જવા રવાના થયા હતા.

# યુક્રેનને મજબૂત કરવામાં લાગ્યા હવે યુએસ-યુરોપ

## યુક્રેનને હથિયાર-પૈસા અને કૂટનીતિથી મદદ : રશિયાના હુમલાથી યુક્રેનમાં ચારે તરફ બરબાદીના દ્રશ્યો જોવા મળી રહ્યાં છે : લોકો યુક્રેન છોડીને ભાગી રહ્યાં છે

કિવ, તા.૨૭

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધનો રવિવારે ચોથો દિવસ છે. રશિયા, યુક્રેનની રાજધાની કિવ પર હુમલા કરી રહ્યું છે. કિવમાં જ્યાં સુધી લોકોની નજર જઈ રહી છે, ત્યાં આગ અને ધુમાડો જોવા મળી રહ્યો છે. રશિયાના હુમલાથી યુક્રેનની રાજધાની કિવ સળગી ઉઠી છે. રશિયાના હુમલામાં અત્યાર સુધી ઘણા લોકોના મોત થયા છે તો હજારો લોકોને ઈજા પહોંચી છે.

કહેવામાં આવી રહ્યું છે કે રશિયા ઝડપથી કિવ તરફ આગળ વધી રહ્યું ચે અને જલદી તેના પર કબજો કરી શકે છે. પરંતુ યુક્રેનના રાષ્ટ્રપતિ વલોદિમીર ઝેલેન્સ્કીનું કહેવું છે કે કિવ હજુ યુક્રેનના નિયંત્રણમાં છે. મુશ્કેલીના સમયમાં વિશ્વના અનેક દેશ યુક્રેનની સાથે આવ્યા છે. રશિયા વિરુદ્ધ જંગ લડવા માટે વિશ્વના અનેક દેશોએ યુક્રેનને આર્થિક મદદ અને હથિયાર મોકલ્યા છે. અમેરિકા, બ્રિટન સહિત ૨૮ દેશ તે વાત પર સહમત થઈ ગયા છે કે યુક્રેનને વધુ આધુનિક હથિયાર મોકલવામાં આવે. આ સાથે મેડિકલ સપ્લાય અને અન્ય મિલિટ્રી સંસાધન આપવાનું પણ વચન આપ્યું છે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને અમેરિકી વિદેશ વિભાગને એક આદેશ આપ્યો છે. તેમણે નિર્દેશ આપ્યો કે યુક્રેનને સૈન્ય સહાયતા માટે ૩૫૦ બિલિયન ડોલરની મદદ આપવામાં આવે. સાથે અમેરિકા તરફથી યુક્રેનને વધારાની સૈન્ય સહાયતામાં- સૈન્ય ઉપકરણ, નાના હથિયાર અને વિવિધ પ્રકારના દારૂગોળા અને અન્ય વસ્તુ મોકલવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ૧૪ વિમાન, ૮ હેલીકોપ્ટર અને ૧૦૨ ટેન્ક તબાહ થયા : યુક્રેનની સેનાનો દાવો

## રશિયાને ભારે નુકસાન : યુક્રેનની સેનાનો દાવો : ક્રેમલિને ૩૫૦૦થી વધુ સૈનિકોને પણ ગુમાવ્યા છે



કિવ, તા.૨૭

યુક્રેનની સેનાએ દાવો કર્યો છે કે રશિયાએ ૨૪ ફેબ્રુઆરીથી અત્યાર સુધી ૧૪ વિમાન, ૮ હેલીકોપ્ટરો, ૧૦૨ ટેક્રો, ૫૩૬ બીબીએમ, ૧૫ ભારે મશીનગનો અને ૧ બીયૂકે મિસાઈલને ગુમાવી દીધી છે. ક્રેમલિને ૩૫૦૦થી વધુ સૈનિકોને પણ ગુમાવ્યા, યુક્રેનના સશસ્ત્ર દળોએ શનિવારે કહ્યુંક, કિવ ઈન્ડિપેન્ડેટે જણાવ્યું કે લગભગ ૨૦૦ સેવા સભ્યોને બંધક બનાવી લેવામાં આવ્યા છે.

રશિયાએ યુક્રેનની સરહદ પર આવેલા ક્ષેત્રોમાં અનામત એકમને ફરી તૈનાત કરવાનું શરૂ કરી દીધું છે અને હવાઈ ક્ષેત્રો, સૈન્ય ડેપો અને નાગરિકો પર હવાઈ હુમલો કરવાનું ચાલું રાખ્યું છે. હવાઈ હુમલામાં સુમી, પોલ્ટાવા, મારિયુપોલ અને કિવને નિશાન બનાવવામાં આવ્યા, જેમાં રાત્રે પણ ભારે લડાઈ થઈ હતી. રશિયાએ કાળા સાગરથી યુક્રેનમાં નૌસૈનિક આધારિત ક્રૂઝ મિસાઈલ છોડી. રશિયાની ઉડાન બેલારૂસથી શરૂ થઈ અને ક્રીમિયા પર કબજો કરી લીધો.

ઈસ્ટર્ન મિલિટરી ડિસ્ટ્રિક્ટની ૩૫મી ઓલ-આર્મી આર્મીની બટાલિયન મોઝિરમાં

● અનુસંધાન પાન-૭ પર

# ઓઈલની આયાતનો ખર્ચ ૧૦૦ અબજ ડોલરને વટાવશે

## હાલમાં ઓઈલના ભાવ સાત વર્ષની ટોચ પર : ભારત જરૂરિયાતના ૮૫ ટકા ઓઈલની આયાત કરે છે

નવી દિલ્હી, તા.૨૭

ગયા વર્ષમાં ભારતે ઓઈલની આયાત માટે જેટલો ખર્ચ કર્યો હતો તેના કરતા આ વર્ષે લગભગ બમણો ખર્ચ થશે. હાલમાં ઓઈલના ભાવ સાત વર્ષની ટોચ પર છે. તેથી આ વર્ષે ભારતનું ઓઈલની આયાતનું બિલ પહેલી વખત ૧૦૦ અબજ ડોલરને પાર કરી જાય તેવી શક્યતા છે. ભારત પોતાની જરૂરિયાતના ૮૫ ટકા ઓઈલની આયાત કરે છે.

ક્રૂડ ઓઈલના વધતા ભાવ ભારત માટે એક મોટો માથાનો દુખાવો છે. ચાલુ વર્ષમાં ઓઈલના ભાવમાં ભારે વધારો થયો છે અને તેની સાથે સાથે ઓઈલની આયાત પણ વધી છે.

તેથી આ વર્ષે ભારતનું ઓઈલની આયાતનું બિલ પહેલી વખત ૧૦૦ અબજ ડોલરને પાર કરી જાય તેવી શક્યતા છે. ગયા વર્ષમાં ભારતે ઓઈલની આયાત માટે જેટલો ખર્ચ કર્યો હતો તેના કરતા આ વર્ષે લગભગ બમણો ખર્ચ થશે. હાલમાં ઓઈલના ભાવ સાત વર્ષની ટોચ પર છે.

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં (એપ્રિલથી જાન્યુઆરી) ભારતે ૯૪.૩ અબજ ડોલરનો ખર્ચ ઓઈલની આયાત પાછળ કર્યો હતો તેમ પેટ્રોલિયમ મંત્રાલયના આંકડા દર્શાવે છે.

જાન્યુઆરીમાં ભારતે ૧૧.૬ અબજ ડોલર ખર્ચ કર્યા હતા જ્યારે ઓઈલના ભાવ વધવાની શરૂઆત જ થઈ હતી. ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં ભારતે ઓઈલ માટે ૭.૭ અબજ ડોલરનો ખર્ચ કર્યો હતો.

ફેબ્રુઆરીમાં ઓઈલનો ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયો. ભારત હાલમાં પોતાની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના ૮૫ ટકા હિસ્સાની આયાત કરે છે. ૧૦૦ ડોલરનો ભાવ પાર થઈ ગયો હોવાથી ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં ભારતનું ઓઈલ ઈમ્પોર્ટનું બિલ ૧૧૦થી ૧૧૫ અબજ ડોલર રહેવાની શક્યતા છે.

આયાત કરાયેલા ક્રૂડને રિફાઈન કરીને પેટ્રોલ અથવા ડીઝલ જેવી વેલ્યુ એડેડ પ્રોડક્ટમાં રૂપાંતરિત કરવામાં આવે છે. ભારત પાસે સરપ્લસ રિફાઈનિંગ ક્ષમતા છે. જોકે, રાંધણ ગેસ (એલપીજી) માટે ભારતની ક્ષમતા ઓછી પડે છે તેથી રાંધણગેસની સાઉદી અરેબિયા જેવા દેશમાંથી આયાત કરવામાં આવે છે.

# યુક્રેનથી ૨૪૦ ભારતીય નાગરિકો વતન પરત ફર્યા

## ઓપરેશન ગંગા હેઠળ યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત કાઢી રહ્યાં છે



નવી દિલ્હી, તા.૨૭

યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધ વચ્ચે ભારત સરકારે ઓપરેશન ગંગા હેઠળ યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવાનું કામ શરૂ કરી દીધું છે. રવિવારે યુક્રેનથી ત્રીજી ફ્લાઈટ ભારત પહોંચી ચુકી છે.

ત્રીજી ફ્લાઈટમાં ૨૪૦ ભારતીય નાગરિકો સુરક્ષિત પરત ફર્યા છે. વિદેશ મંત્રી એસ જયશંકરે ટ્વીટ કર્યુ, ૨૪૦ ભારતીય નાગરિકોની સાથે ઓપરેશન ગંગાની ત્રીજી ફ્લાઈટ બુડાપેસ્ટ (હંગરી) થી દિલ્હી પહોંચી ચુક્યો છે. કેટલાક વિદ્યાર્થીઓના પરિવાજનો પણ તેનું સ્વાગત કરવા એરપોર્ટ પહોંચ્યા હતા. એક છાત્રના પિતાએ કહ્યુ, બસો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિમાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા અને અમારી પાસે પૈસા લીધા નથી. મારી પુત્રી યુક્રેનના પશ્ચિમી ભાગમાં હતી જ્યાં તે સમયે યુદ્ધ શરૂ થયું નહોતું. હવે તે અહીં પહોંચી ગઈ છે. મને ખુશી થઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ખારકીવમાં ગેસ પાઈપલાઈન ઉડાવી, શ્વાસ લેવામાં મુશ્કેલી

## રશિયાનો યુક્રેન પર મોટો હુમલો : ગેસ લાઇન ઉડાવતા હવામાં ઝેરી ગેસ ભળી ગયો : લોકોને ચહેરો ઢાંકવા અને ઘરની બારી બંધ રાખવાની સલાહ

કિવ, તા.૨૭

રશિયા હવે યુક્રેન પર સતત હુમલા કરી રહ્યું છે. સ્થિતિ એવી છે કે રશિયાના હવાઈ હુમલાથી યુક્રેન ધણધણી ઉઠ્યું છે. જંગનો ચોથો દિવસ એટલે કે રવિવારની સવાર યુક્રેન માટે ફરી મુશ્કેલી લઈને આવી છે. હકીકતમાં રશિયન સૈનિકોએ યુક્રેન પર સૌથી મોટો હુમલો કર્યો છે. રશિયાએ બીજા સૌથી મોટા સહેર ખારકીવમાં ગેસ પાઈપલાઈન ઉડાવી દીધી છે. તેમાં ચારે તરફ ધુમાડો ફેલાયો અને કહેવામાં આવી રહ્યું છે કે આસપાસના વાતાવરણમાં ઝેરી હવા ફેલાઈ ગઈ છે. આ કારણે ખારકીવમાં હવે ગેસને કારણે શ્વાસ લેવામાં પણ મુશ્કેલી આવી રહી છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ કાર્યાલય તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું કે, રશિયન સેનાએ દેશના બીજા સૌથી મોટા શહેર ખારકીવમાં એક ગેસ પાઈપલાઈનને ઉડાવી દીધી. આ ધમાકો એટલો જબરદસ્ત હતો કે તેના કારણે એક



મશરૂમ ક્લાઉડ બની ગયું. આ તબાહીનું કારણ બની શકે છે.

તો સ્ટેટ સર્વિસ ઓફ સ્પેશિયલ કમ્યુનિકેશન એન્ડ ઈન્ફોર્મેશન પ્રોટેક્શન તરફથી રશિયાના હુમલા બાદ ચેતવણી આપવામાં આવી શે કે સ્થાનીક લોકો પોતાના ઘરની બારીઓ ખોલે નહીં. સાથે સલાહ આપવામાં આવી છે કે લોકો પોતાના નાક પર ભીનું કપનું રાખે, જેથી તેને શ્વાસ લેવામાં મુશ્કેલી ન થાય.

# કેન્દ્રીય મંત્રી નારાયણ રાણે અને તેમના પુત્ર સામે FIR

## સુશાંત સિંહ રાજપૂતની મેનેજર રહેલી દિશા સાલિયાન માટે ખોટી માહિતી ફેલાવવાના મામલે એફઆઈઆર

મુંબઈ, તા.૨૭

બોલિવુડ એક્ટર સુશાંત સિંહ રાજપૂતની મેનેજર રહેલી દિશા સાલિયાનના મોતના મામલે ખોટી માહિતી ફેલાવવાની કેન્દ્રીય મંત્રી નારાયણ રાણે અને તેમના પુત્ર નિતેશ રાણેની સામે મુંબઈના માલવણી પોલીસ સ્ટેશનમાં ફ્રૈંઈ નોંધાઈ છે. કેટલાક દિવસ પહેલા જ રાણે અને તેમના પુત્રએ પ્રેસ કોન્ફરન્સ કરી એવો આરોપ લગાવ્યો હતો કે, ગેંગ રેપ પછી દિશા સાલિયાનની હત્યા કરવામાં આવી હતી. આજતકના રિપોર્ટ મુજબ, આ મામલે રાજ્ય મહિલા પંચની તપાસ રિપોર્ટ પછી પોલીસને કેસ નોંધી કાર્યવાહી કરવા કહેવાયું છે મહિલા આયોગે પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે, દિશા સાલિયાના પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ, તે પ્રેગ્નન્ટ ન હતી કે તેની પર રેપ પણ થયો ન હતો. મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકણકરે કહ્યું છે કે, દિશાના મોત વિશે ભ્રામક જાણકારી આપવા માટે નારાયણ રાણે અને તેમના પુત્ર સામે કાર્યવાહી થવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય સુધી સુશાંત સિંહ રાજપૂતની મેનેજર રહેલી દિશા સાલિયાનનું મોત ૮ જૂન, ૨૦૨૦એ શંકાસ્પદ સ્થિતિમાં મલાડની એક બિલ્ડિંગમાંથી પડી જતા મોત થયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# ઘોર પરિવારવાદીઓને પસંદ નથી આવતું ભારતનું પરાક્રમ

## પીએમ મોદીએ સપા-કોંગ્રેસ પર નિશાન સાધ્યું : પીએમ મોદીએ કહ્યું કે, અમે ઓપરેશન ગંગા ચલાવીને યુક્રેનમાંથી હજારો ભારતીયોને પરત લાવી રહ્યાં છીએ

બસ્તી, તા.૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના બસ્તીમાં એક જનસભાને સંબોધિત કરતા નામ લીધા વગર સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પર નિશાન સાધ્યુ છે. પીએમ મોદીએ કહ્યુ કે, અમે ઓપરેશન ગંગા ચલાવીને યુક્રેનમાંથી હજારો ભારતીયોને પરત લાવી રહ્યાં છીએ. આપણા જે પુત્ર-પુત્રી ત્યાં છે, તેને સંપૂર્ણ સુરક્ષા સાથે પોતાના ઘરે પહોંચાડવા માટે સરકાર દિવસ-



રાત કામ કરી રહી છે. પરંતુ ભારતનું આ પરાક્રમ દિલ્હી અને યુપીમાં બેઠેલા કેટલાક ઘોર પરિવારવાદીઓને પસંદ આવતું નથી. આ લોકો આજે પણ આપણી સેનાઓ પાસે પૂરાવા માંગે છે, તેની ક્ષમતા પર વિશ્વાસ કરતા નથી. તેથી આવા લોકોથી યુપીની જનતાએ ખુબ સપર્ક રહેવું પડશે.

પીએમ મોદીએ કહ્યુ, જે લોકો દેશની સેનાઓની જરૂરીયાતને હંમેશા નજરઅંદાજ

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.